વેદધર્મ પ્રચારિણી ગ્રંથમાળા-ગ્રંથ ૪ થો.

ઓ૩મ્

વેદ શું છે?

કર્તા,

પ્રાણજીવન વિઠ્ઠલદાસ વસઈવાળા.

પ્રસિદ્ધ કર્તા,

દુર્લભદાસ રામજી વૈશ્ય.

મુંબઈની વેદધર્મ પ્રચારિણી સભા તરફથી.

બીજી વાર ૨૦૦૦.

અમદાવાદ

યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લિમિટેડમાં છાપ્યું.

સંવત ૧૯૫૮

કીમત ૩ પાઈ.

પ્રો૦ વી૦ ગુપ્ત અને કંપની.

પુસ્તકો વેચનારા, પ્રગટ કરનારા, તથા કમીશન એજંટો
[illegible] સ્ટ્રીટ, કાલકા દેવી પોસ્ટ.—મુંબઇ.

અમારો ઉદ્દેશ આર્ય સમાજ સંબંધી પુસ્તકો વેચવાનો અને ગુજરાતીમાં આર્યસમાજ સંબધી પુસ્તકો પ્રગટ કરવાનો છે. મુંબઇ ઇલાકામાંની જે આર્ય સમાજોએ સમાજ સંબંધી ગુજરાતી પુસ્તકો પ્રગટ કર્યા હોય તેમને તે પુસ્તકો અમારે ત્યાં વેચવા મુકવા માટે વિનતિ કરવામાં આવે છે. અમો તે પુસ્તકો ઠેરવેલું કમીશન લઇ વેચીશું અને તે પુસ્તકોની જાહેર ખબર વારંવાર "સમીક્ષક" તથા "આર્ય" એ નામનાં માસિક પુસ્તકોમાં આપતા રહીશું.

આર્ય સમાજનાં પુસ્તકો શિવાય બીજાં પુસ્તકો જો કે અમે અમારી પાસે વેચવા માટે રાખતા નથી તો પણ મુંબઇમાં મળનારાં હરએક પ્રકારનાં પુસ્તકો, અને સ્ટેશનરી સંબંધી હરએક પ્રકારની ચીજ અમે ઠેરવેલું કમીશન લઇ બહાર ગામના કોઇપણ આસામીને મોકલીએ છીએ.

અમારે ત્યાંથી પુસ્તકો મંગાવનારાઓએ અગાઉથી પૈસા મોકલવા અથવા વેલ્યુપેબલથી મંગાવવાં. અમારી સાથે પત્રવ્યવહાર કરનારે ઉપલા શિરનામાથી પત્રવ્યવહાર કરવો.

ओ३म्.

વેદ શું છે ?

આપણા ભરતખંડમાં જ્ઞાનના પુનરૂજ્જીવનની જે હીલચાલ આજકાલ નજરે પડે છે તે ભાવી શુભ દશાનું સુચિન્હ છે. અગાઉ લોકોને જ્યારે કંઇપણ કહેવામાં આવતું હતું ત્યારે તેનું કારણ વિગેરે જાણ્યા વગર લોકો માની લેતા હતા. પણ હાલ તેમ નથી. હાલ વિદ્યાનો સમય છે અને અગાઉની અંધપરંપરાને સ્થળે કાર્ય-કારણ સંબંધ જાણીને લોકો કંઇપણ વાત માનવાને તૈયાર થતા ચાલ્યા છે. દેશનું આ એક શુભ ચિન્હ છે. દ્રવ્ય, ગુણ, કર્મ, આદિના અથવા પદાર્થના સાધર્મ્ય, વૈધર્મ્યનો વિચાર કરવાથી પદાર્થનું યથાર્થ જ્ઞાન થાય છે અને પદાર્થનું યથાર્થ જ્ઞાન થવાથી તે પદાર્થનો સત્ય લાભ મનુષ્ય લઇ શકે છે. વરાળની મહાન્ શક્તિ આદિનું યથાર્થ જ્ઞાન જો મનુષ્ય પ્રાણીને ન થયું હોત તો અગ્નિરથ, મિલો આદિ વરાળથી ચાલનારાં યંત્રોથી જે લાભ આપણે લઇએ છીએ તે કદી પણ લઇ શકયા ન હોત. પદાર્થમાત્રના સાધર્મ્ય, વૈધર્મ્યનો એટલે દ્રવ્ય, ગુણ, કર્મ આદિનો સૂક્ષ્મ વિચાર કરવાથી પદાર્થનું યથાર્થ જ્ઞાન ઉત્પન્ન થાય છે અને તે જ્ઞાન સુખનું—મોક્ષનું—સાધન થઇ પડે છે. મહર્ષિ કણાદ પણ લખે છે કે:

धर्मविशेषप्रसूताद् द्रव्यगुणकर्मसामान्यविशेषसमवा-यानाम्पदार्थानां साधर्म्यवैधर्म्याभ्यां तत्वज्ञानान्निःश्रेयसम् । वैशेषिकदर्शने । अ० १. आ० १ सू० ४ ॥

દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ. સમવાય એ છ પદાર્થોના સાધારણ અને વિરૂદ્ધ ધર્મને આધિન ધર્મ વિશેષથી તત્વજ્ઞાન ઉત્પન્ન થાય છે; અને એ પ્રમાણે થએલું તત્વજ્ઞાન મોક્ષનું સાધન થઇ પડે છે. એ પ્રમાણે ગૌતમ, કપિલ, પતંજલિ, વ્યાસાદિ સર્વે મહર્ષિઓનું પણ કહેવું એકજ અર્થનું છે અને સર્વેનો એકજ સિદ્ધાંતછે કે ऋते ज्ञानान्न मुक्तिः જ્ઞાન વગર મોક્ષની પ્રાપ્તિ થતી

નથી એ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે દરેક મનુષ્યે કોઇપણ વાત કેવળ અંધપરંપરાથી ન માની લેતાં તેનો કાર્યકારણ સંબંધ આદિ સર્વ પ્રકારનો વિચાર કરી, પદાર્થના સાધર્મ્ય-સાધારણ ધર્મ અને વૈધર્મ્ય-વિરૂદ્ધ ધર્મની તુલના કરી યથાર્થ જ્ઞાન મેળવવાને પ્રયત્ન કરવો જોઇએ.

સૃષ્ટિકર્તા પરમેશ્વરે મનુષ્ય પ્રાણીને પણ કારણથીજ નિર્માણ કર્યો છે તેને બુદ્ધિ, સદસદ્વિચારશક્તિ આપી છે. સર્વે સુશીલ અને જ્ઞાનયુક્ત પ્રાણીઓમાં તેને બુદ્ધિ અને સુજનતામાં શ્રેષ્ઠત્વ આપ્યું છે. અને તેની આ સર્વ શક્તિનો ઉપયોગ કરવાની આજ્ઞા પણ આપી છે. ત્યારે ન્યાયથીજ એમ કહેવું પડે છે કે કાર્યનું કારણ જેને સમજાતું નથી અથવા જેને તેની કલ્પનાજ નથી તે મૂર્ખ છે; જેનાથી કારણ બહાર પડાતું નથી તે બીકણ છે; જે કારણ મનમાં લાવતો નથી તે હઠીલો છે; પણ જેને કારણ સમજાય છે ને તે બહાર પાડે છે; અથવા માલૂમ ન હોય તો તેનો શોધ કરવા માંડે છે, અર્થાત્ પોતાની બુદ્ધિનો યોગ્ય ઉપયોગ કરી તે પ્રમાણે વર્તે છે તેજ માણસ.

ઉપર આપણે જોયું કે જ્ઞાન વગર સુખની આશા નથી, તે જ્ઞાન મેળવવા માટે આપણે પ્રયત્ન કરવો પડે છે, અને ઇશ્વરે આપેલી શક્તિઓનો જે ઉપયોગ કરે છે તેજ માણસ; પણ વિચાર કરતાં એવું જણાઇ આવશે કે મનુષ્ય પ્રાણી પોતાની મેળે જ્ઞાન મેળવવાને સમર્થ થતો નથી. કારણ આ સંસારમાં બે પ્રકારનું જ્ઞાન નજરે પડે છે. એક સામાન્ય અથવા સ્વાભાવિક જ્ઞાન અને બીજું વિશેષ જ્ઞાન અથવા નૈમિત્તિક જ્ઞાન. સામાન્ય જ્ઞાન જીવને-આત્માને-સ્વભાવથીજ હોય છે; કેમકે જીવ અલ્પજ્ઞ છે, અર્થાત્ જીવને સ્વભાવથીજ કેટલુંક ચોકસ જ્ઞાન હોય છે—ખાવું પીવું, બ્હીવું ઇત્યાદિ જે કાર્ય પશુ, પક્ષી, સર્પ આદિ સર્વે યોનિમાં નજરે પડે છે તે સ્વભાવિક જ્ઞાન છે. પણ વિશેષ જ્ઞાન કોઇ પણ નિમિત્ત વગર થઇ શકતું નથી. અર્થાત્ વિશેષ જ્ઞાન બીજાના શિખવવાથી પ્રાપ્ત થાય છે.

જ્યારે આ સૃષ્ટિમાંના સર્વ પ્રકારના પ્રાણીઓ અને મનુષ્યો વચ્ચે આપણે સરખામણી કરીએ છીએ ત્યારે સર્વ જીવોમાં ભોગ-શક્તિ અર્થાત્ પદાર્થોનો ઉપભોગ લેવાની શક્તિ નજરે પડે છે. જેમકે ગાય, ભેંસ આદિક પશુ, હંસ, મયૂર આદિક પક્ષીઓ, અને સર્પ આદિક તિર્યગ્ જીવો અન્નાદિક પદાર્થનો ભોગ કરે છે, પણ મનુષ્ય શિવાય બીજા પ્રાણીઓમાં પોતાની ભોગ્ય વસ્તુઓ-ની વૃદ્ધિ તથા ઉત્પત્તિ કરવાની શક્તિ નથી. ઉગેલું ઘાસ ખાવાની શક્તિ અથવા ખાવાનું જ્ઞાન ગાયમાં છે પણ તે ઘાસનો જથ્થો વધારવાની અથવા ઘાસ ઉત્પન્ન કરવાની શક્તિ તેમાં નથી. એ ઉપરથી એવું જણાય છે કે સ્વભાવથીજ જીવને વર્તમાન અવસ્થાનું જ્ઞાન હોય છે. પણ મનુષ્ય પ્રાણીની કર્તૃત્વશક્તિ અર્થાત્ કર્મ કરવાની શક્તિનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આપણો નિશ્ચય થાય છે કે આ શક્તિ કોઇ નિમિત્તથી આવેલી છે. આ નૈમિત્તિક જ્ઞાન બીજા પ્રાણીઓમાં પણ થોડું ઘણું હોય છે—હાથી, ઘોડા વાંદરા, કબુતર, પોપટ આદિને શિક્ષણ મળવાથી તેઓમાં પણ કેટલાંક વિશેષ જ્ઞાનનાં કર્મો નજરે પડે છે પણ તે જ્ઞાન તેઓ મનુષ્યની પેઠે બીજાને આપી શકતા નથી અને મનુષ્યની પેઠે તેમની કર્તૃત્વશક્તિ વધતી પણ નથી. નૈમિત્તિક જ્ઞાન જો મનુષ્યને ન મળ્યું હોય તો તેમાં પણ ઇતર પ્રાણીઓની પેઠે કેવળ સ્વાભા-વિક જ્ઞાન શિવાય બીજું જ્ઞાન નજરે પડત નહિ. એક નાના બાળકને જન્મથી જંગલમાંજ મૂકયો હોય અને તેને ખોરાક આદિ પૂરૂં પાડી કંઇપણ શિક્ષણ ન આપતાં ઉછેરવામાં આવ્યો હોય તો તે ઈતર પશુ આદિક પ્રાણીઓની પેઠે મૂઢજ રહેશે. પશુ પક્ષી, આદિકના જે શબ્દો તેણે સાંભળ્યા હશે તેનો શબ્દ કરશે અને તેનાં અને ઇતર પ્રાણીઓનાં કર્મમાં કંઇ પણ ભેદ નજરે પડશે નહિ. જંગલમાં એ પ્રમાણે ભૂલાં પડેલાં અ-થવા ખોવાએલાં બાળકો મોટી ઉમરમાં જડી આવેલાં છે અને તેઓ પશુ આદિકના શબ્દ કરતાં નજરે પડેલાં છે. પ્રસિદ્ધિક

મહાસાગરના બેટો ઉપર રહેનારા લોકો, અમેરિકાના ઈંડિઅનો આફ્રિકાના નીગ્રો નામના લોકો આદિ અશિક્ષિત લોકોએ સેંકડો વર્ષમાં કંઈપણ જ્ઞાનનો વધારો કર્યો હોય એવું નજરે પડતું નથી. તેમનાથી વધારે ભણેલા અને સુધરેલા યુરોપીઅનો તેમને થોડા વર્ષોમાં સુધારી શકયા છે. એ સર્વ ઉપરથી સિદ્ધ થાય છે કે મનુષ્યને શિક્ષણ મળ્યા વગર તેને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થતું નથી

કેટલાકનું એવું કહેવું છે કે જીવને શિક્ષા મળે છે તે તેમના પરસ્પર સંબંધથી ઉત્પન્ન થાય છે; કેમકે ઘણા મનુષ્યોની અલ્પજ્ઞતાનું સામાન્ય જ્ઞાન ભેગું થઇને બહુજ્ઞતા અથવા વિશેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે. પણ તત્વદષ્ટિના વિચારથી જણાઈ આવે છે કે તેમનું આ કહેવું ભુલભરેલું છે. ઉદાહરણાર્થે એક દીવાસળીજ લો. તેમાં સામાન્ય અગ્નિ છે અને તેને ઘસવાથી વિશેષ અગ્નિ પ્રગટ થાય છે, ઘસવું એ ક્રિયા તેમાં નિમિત્ત છે. તે નિમિત્તથીજ વિશેષ અગ્નિ ઉત્પન્ન થાય છે. પણ ડબીમાં જે સો સળીઓ છે તેનો પરસ્પર યોગ કંઇ વિશેષ અગ્નિ પ્રગટ થવાનું નિમિત્ત કારણ થતો નથી. જ્યારે એક દીવાસળીમાં વિશેષ અગ્નિ પ્રગટ થાય છે ત્યારે તે ઘણી વસ્તુઓને એ શક્તિ આપી શકે છે. તેમ પાસિફિક મહાસાગરના જંગલી લોકોના જંગલી લોકોનું સામાન્ય જ્ઞાન એકઠું થયાથી કંઇ તેમણે વિશેષ જ્ઞાન મેળવ્યું હોય એવું જણાતું નથી. પરંતુ તેમણે જે કંઈ વિશેષ જ્ઞાન મેળવ્યું છે તે આપણા જાણવામાં આવ્યું છે તેમ કોઈ પણ યુરોપિઅનના નિમિત્તથી મળ્યું છે. આકાશમાં ઉડતા કબુતરના ટોળાના સામાન્ય જ્ઞાનથી તેમણે પત્ર આદિ લઈ જવાનું વિશેષ જ્ઞાન ઉત્પન્ન કર્યું નથી. પણ મનુષ્યની શિક્ષાથીજ તેઓ એક સ્થળેથી બીજે સ્થળે પત્ર લઈ જાય છે અને મનુષ્યનું શિક્ષણ તે સ્થળે નિમિત્ત છે. એ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે જ્યાં સુધી મનુષ્યને શિક્ષા મળતી નથી ત્યાં સુધી તેમનામાં વિશેષ જ્ઞાન હોતું નથી.

કેટલાક એવું માને છે કે જીવાત્મા નિત્યપ્રતિ ઉન્નતિ કર્યાં કરે છે; અને તેથી વખત જવે તે સર્વજ્ઞ થઇ જશે. પણ આ તેમનો સિદ્ધાંત ઠીક નથી. કેમકે જ્ઞાન વિષયમાં જીવાત્મા કદીપણ નિમિત્ત વગર ઉન્નતિ કરતો નથી; મતલબ કે કોઈપણ વસ્તુ ઉન્નતિ કરતી નથી. પણ પોતાના ઉપયોગના અવયવોને—અંગોને પ્રકૃતિથી ગ્રહણ કરે છે અને મૂઢ પુરૂષ તેની ઉન્નતિ માને છે. ખરૂં જોતાં તો તે પોતાના ગુણોને ઉચિત સહકારી નિમિતથી અધિક થાય છે. દેશ, કાલ આદિક તથા પ્રકૃતિ એ સર્વ જ્ઞાનથી શૂન્યછે; એમનાથી સર્વજ્ઞતા મળવી અસંભવનીય છે. કદાચ કોઇ એવી શંકા કરશે કે જીવ જ્યાં જ્યાં જાય છે ત્યાંના પદાર્થો જોઇ પોતાની શક્તિને કોઈ પણ નિમિત વગર વધારી શકે છે. પણ આ શંકા વિસંગત છે. કેમકે, પ્રત્યક્ષ પદાર્થોને જોવાની શક્તિ સૂર્યના નિમિત્તથી નેત્રમાં વધે છે. અર્થાત્ ચક્ષુના ગુણને ઉચિત એવા સહકારી નિમિત્તથી તે વધેલી માલૂમ પડે છે. ચક્ષુને તેથી કેવળ રૂપનું જ્ઞાન થઇ જાય છે પણ વિશેષ જ્ઞાનનો તો અભાવજ હોય છે. રૂપનું જ્ઞાન થવાથી આ શક્તિ સર્વે જીવોમાં સ્વતઃ ઉપસ્થિત છે અને તેને વિશેષ જ્ઞાન કહી શકાશે નહિ. કેમકે સંસારમાં પશુ પક્ષિ આદિને રૂપનું જ્ઞાન મળી શકે છે. પરંતુ પ્રત્યક્ષ શિવાય અનુમાનાદિનું જ્ઞાન કંઈ રૂપજ્ઞાનથી થતું નથી. સુખ દુઃખ ઉપરથી પૂર્વ જન્મનું અનુમાન, કાર્યને જોઇ કારણનો બોધ, લિંગને જોઇ લિંગીનો બોધ તથા નિત્યના વહેવારનો અનુભવ ઇ૦ સર્વે પ્રકારનું વિશેષ જ્ઞાન શિક્ષા વગર પ્રાપ્ત થતું નથી તેથી અવશ્ય અનુમાન થાય છે કે મનુષ્યને શીક્ષા મળેલી હોવીજ જોઇએ.

આપણામાં જે કંઇ વિશેષ જ્ઞાન છે અથવા આપણે જે કંઇ જાણીએ છીએ તેનો વિચાર કરતાં જણાઇ આવે છે કે તે સર્વ જ્ઞાન આપણને માબાપ, ભાઇ, બ્હેન, ગુરૂ, મિત્ર ગ્રંથ આદિ કોઇ નહિ તો કોઇ પણ તરફથી મળ્યું છે. જે ભાષા અથવા ભાષાઓ આપણે જાણીએ છીએ તે પણ આપણા માબાપ

અને ગુરૂ આદિ પાસેથી આપણે શિખ્યા છીએ. ભાષા પણ આપણે આપણી મેળે મેળવવાને અસમર્થ છીએ. આપણને જે પ્રમાણે વિશેષ જ્ઞાન તેમની તરફથી મળ્યું છે તેમ તેમને તે જ્ઞાન તેમના પૂર્વજો તરફથી મળ્યું છે અને તે પૂર્વજોને પણ તેમના વડીલો તરફથી મળ્યું છે. એ પ્રમાણે અનંત કાળથી વિશેષ જ્ઞાન આજ સુધી ઉતરતું આવ્યું છે. એ પ્રમાણે વિચાર કરતાં એવો સવાલ ઉત્પન્ન થાય છે કે સૌથી પૂર્વે જે મનુષ્યો ઉત્પન્ન થયાં અર્થાત્ સૃષ્ટિના આરંભમાં જે મનુષ્યો ઉત્પન્ન થયાં તેમને વિશેષ જ્ઞાન કોની તરફથી મળ્યું ? આ સવાલનો જવાબ કંઇ બહુ મુશ્કેલ નથી. સૃષ્ટિના આરંભમાં તે જગત્કર્તા પરમાત્મા શિવાય બીજું તે કોણ હોય કે જે મનુષ્ય પ્રાણીને જ્ઞાન આપવાને નિમિત્ત થાય ? ઈશ્વર શિવાય બીજું કોઇજ નહિ.

ઇશ્વરે જો સૃષ્ટિના આરંભમાં મનુષ્ય પ્રાણીને વિશેષ જ્ઞાન ન આપ્યું હોત તો પછી ઇશ્વર જેવો અન્યાયી કોઇજ નહિ ગણાત. એ તો સર્વ કોઇ કબુલ કરશે કે જ્યાં સુધી કોઇ નોકર અથવા પુત્ર આદિને કોઈ કામ કરવાની આજ્ઞા આપી નથી અથવા કુકર્મ કરવાનો નિષેધ કર્યો નથી ત્યાં સુધી તેમને કોઇ પણ કર્મ કરવા અથવા ન કરવા માટે દોષી ઠરાવી શકીશું નહિ, ને તેને સજા પણ કરી શકીશું નહિ. જો આપણે તેને સજા કરીશું તો આપણે ન્યાયી અથવા દયાળુ છીએ એવું કહી શકાશે નહિ. આપણે જો કોઇ ન્યાયી માણસને કોઈ અપરાધીને સજા કરતાં જોઇએ છીએ ત્યારે બે વાતો ધ્યાનમાં આવે છે. એક તો તે અપરાધીએ ન્યાયાધીશની આજ્ઞા તોડી છે અથવા તો ન્યાયાધીશ અન્યાયથી તેને સજા કરે છે. એજ પ્રમાણે આ સંસારમાં જ્યારે આપણે નજર કરીએ છીએ ત્યારે આપણે જોઇએ છીએ કે મનુષ્યો હજારો પ્રકારનાં સુખ દુઃખ ભોગવી રહ્યા છે. દુઃખ એક સજારૂપ છે અને સુખ ઈનામરૂપ છે. આપણને તે સજા અથવા તે ઇનામ જે મળે છે તે ઇશ્વર તરફથી

મળે છે અને તે ઇશ્વરનો કાયદો તોડવાનું અથવા તે પ્રમાણે ચાલવાનું ફળ છે. ઇશ્વરે અપણુને ઉત્પન્ન કર્યાં છે અને જે આપણાં સારાં નરસાં કર્મનું ફળ આપેછે તે ઇશ્વરે જો આપણે માટેવિધિ—નિષેધ—રૂપ કાયદા ન આપ્યા હોત તો પછી તે ઇશ્વરની સજા અથવા ઇનામ કદી ન્યાયી ગણાશે ! કદીજ નહિ. પણ ઇશ્વર—સર્વજ્ઞ ઇશ્વર—કદી અન્યાયી હોય એવો સંભવ પણ છે ! તે નિર્દય હોય એવુ તમને ભાસે પણ છે ! જો ઇશ્વરને તમે અન્યાયી કહેતા હો તો તમે ઇશ્વરના ગુણ, કર્મ સ્વભાવથી અજ્ઞાન છો,ઇશ્વરની આજ્ઞાનુ ઉલ્લંઘન કરવું તે પાપ છે અને તેની સજા તે દુઃખ છે, તેની આજ્ઞા પાલનં કરવુ તે ધર્મ છે અને તેનુંઇનામ સુખ છે. માટે ઇશ્વરે—આપણા સુખ દુઃખનું ફળ આપનારઇશ્વરે—અપણુને તેની આજ્ઞા અથવા કાયદા અપેલા હોવાજ જોઇએ. તે કાયદા તેણે આપેલા છે અને સર્વ સત્ય વિદ્યા તથા જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂળ પરમેશ્વરછે.

પ્રિય વાંચકગણ, એ પ્રમાણે આપણે જોયું કે વિશેષ જ્ઞાનને માટે ઇશ્વર નિર્મિત નિયમ અથવા આજ્ઞા અથવા સત્ય વિદ્યા અથવા સત્ય જ્ઞાનની આવશ્યકતા છે અને ઇશ્વરના ન્યાય આદિ ગુણો જોતાં એવું પણ જણાય છે કે ઇશ્વરે અવશ્ય કરીને સૃષ્ટિના નિયમોનો પ્રચાર કર્યો છે. અને સાથે સાથે એ પણ જોયુ કે ઇશ્વરી જ્ઞાન સૃષ્ટિના આરંભમાંજ મનુષ્ય પ્રાણીને મળેલું હોવું જોઇએ.

આખરે એ સવાલ આવીને ઉભો રહે છે કે જો ઇશ્વરે જ્ઞાન આપવું જોઇએ અને તે આપ્યું પણ છે તો કિયું જ્ઞાન ઇશ્વરી છે ? કોઇ કહે છે કે વેદ ઇશ્વરી છે, કોઇ કહે છે કે બાઇબલ ઇશ્વરી છે, અને કોઇ કહે છે કે કુરાન ઇશ્વરી છે. ત્યારે કેમ જાણવું કે આમાંથી કિયું ઇશ્વરી છે ! દરેક ધર્મવાળો પોતાના ધર્મ પુસ્તકને ઇશ્વરી બતાવે છે; ત્યારે શું દરેક ધર્મ પુસ્તક ઇશ્વરી છે અથવા એ સર્વેમાંનુ એકજ ઇશ્વરી છે ! ટુંકમાં આ સર્વે સવાલની મતલબ એ નીકળે છે કે **ઇશ્વરીય જ્ઞાનની પરીક્ષા શી છે ?**

ઇશ્વરી જ્ઞાનની પરીક્ષા કરવાનાં ઘણાં સાધનો છે પરંતુ તેમાંનાં **મુખ્ય ચાર** સાધનોથીજ પરીક્ષા કરવી બસ છે; ૧ ઇશ્વરી જ્ઞાન સૃષ્ટિના આરંભમાં મળવું જોઇએ, ૨ ઇશ્વરી જ્ઞાનનો દાવો કરનાર ધર્મ પુસ્તકમાં કોઇપણ વિશેષ જાતિનો ઇતિહાસ ન હોવો જોઇએ, ૩ તેમાં કોઇપણ જાતિનો પક્ષપાત કરેલો ન હોવો જોઇએ પણ તેમાંની આજ્ઞા અથવા નિષેધ સર્વ મનુષ્ય માત્રને ઉદ્દેશીને હોવો જોઇએ, ૪ તેમાં સૃષ્ટિનિયમ વિરૂદ્ધ કોઇપણ વિચાર ન હોવો જોઇએ.

૧ બાઇબલ લખાયાને આજે લગભગ ૧૯૦૨ વર્ષ થયા છે; તે કંઇ સૃષ્ટિના આરંભમાં મનુષ્ય પ્રાણીને મળ્યું નથી. તેમાં એવું કંઇ પણ નથી કે જે તેની પૂર્વના લોક જાણુતા નહોતા. બાઇબલમાં જે વાતો છે તે મહાત્મા બુદ્ધના ઉપદેશમાં સ્થળે સ્થળે નજરે પડે છે. જો બાઇબલ ઇશ્વરી પુસ્તક હોત તો તેની પૂર્વે વિધિ નિષેધનું જ્ઞાન લોકોને કેવી રીતે થયું હતું? બાઇબલ લખાતાં સુધી સંસારમાં એવી કઇ વાત હતી કે જેને માટે ઇશ્વરી પુસ્તકની જરૂર પડી અને જે વાત બાઇબલે પૂરી કરી? આ સવાલનો ઉત્તર આપવો અતિ કઠિન છે! તેમ એમ સમજો કે દુર્જનતોષ ન્યાયથી એમ માની લઇએ કે બાઇબલની આવશ્યકતા હતી તો પછી એમાં શી ખામી રહી હતી કે જે કુરાને પૂરી કરી? આદમથી ઇસુખ્રિસ્તના જીવન સુધી શું મનુષ્યનું જીવન અધૂરાપણામાં ગયું? વારૂ, ઈસુખ્રિસ્તે જો પૂરૂં કર્યું નહોતું તો શું મહમ્મદના જીવનકાળમાં તે પૂરૂં થયું? આ સર્વ પ્રશ્નોનો જવાબ મળવો અત્યંત મુશ્કેલ છે અને આપણે ઉપર જોયું છે કે ઇશ્વરી જ્ઞાન જો મળવું જોઇએ તો તે સૃષ્ટિના આરંભમાંજ મળવું જોઇએ. એ ઉપરથી સિદ્ધ થાય છે કે બાઈબલ કે કુરાન ઈશ્વરી પુસ્તક નથી. પણ વેદની વાત તેમ નથી. અતિ પ્રાચીનમાં પ્રાચીન ઉપનિષદો, મનુસ્મૃતિ આદિ ગ્રંથો લો; સર્વમાં વેદ ઇશ્વરી ગણ્યું છે અને તે સર્વ પુસ્તકોમાં વેદનું

નામ આવે છે. એ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે વેદ અતિશય પ્રાચીન પુસ્તક છે. યુરોપીઅન વિદ્વાનો પણ આ વાત કબુલ કરે છે. પણ આર્યાવર્તની કાળ ગણવાની રીત આદિના વિચાર કરતાં સિદ્ધ થાય છે કે વેદ એજ એક એવું જ્ઞાન છે કે તે મનુષ્ય પ્રાણીને સૃષ્ટિના આરંભમાં મળ્યું છે. ૨ વેદમાં કોઇ પણ જાતિ અથવા દેશનો ઇતિહાસ નથી પરંતુ બાઇબલમાં યહુદીઓનો અને કુરાનમાં આરબોનો ઇતિહાસ મળી આવે છે. ૩ વેદમાં જે કંઇ વિધિ–નિષેધ છે તે સર્વ મનુષ્ય પ્રાણીને ઉદ્દેશીને લખેલો છે; પણ બાઇબલમાં યહુદીઓનો પક્ષપાત કર્યો છે અને ઈશ્વરની પ્રિય જાતિ કહી છે અને કુરાનમાં ઇતર જાતિઓને કતલ કરવાનું લખ્યું છે. ૪ બાઇબલમાં પિતા વગર પુત્રની ઉત્પતિ તથા કુરાનમાં ચંદ્રના બે ટુકડા ઇત્યાદિ સૃષ્ટિનિયમની વિરૂદ્ધ વાતો નજરે પડે છે; પણ વેદમાં તેવું કશું નથી, વેદમાં કેટલીક સૃષ્ટિવિરૂદ્ધ બાબત છે એવું જે કહે છે તેમાં તે કહેનારની ગેરસમજ વગર બીજું કંઇજ નથી, અને તેવું કહેનારની કેટલીક ગેરસમજોનો નમુનો આ ગ્રંથમાળાના બીજા કોઇ નંબરમાં અમે પ્રસિદ્ધ કરી સિદ્ધ કરી બતાવીશું આ સ્થળે એટલુંજ કહેવું બસ છે કે **વેદમાં સૃષ્ટિનિયમ વિરૂદ્ધ એવી એકે વાત નથી**. વેદનો અર્થજ જ્ઞાન છે.

વેદની વિશેષ વ્યાખ્યા અથવા ઈશ્વરી જ્ઞાનનું વિશેષ લક્ષણ એમ બાંધીએ કે हितहितसाधनताबोधकत्वं वेदत्वम् । એટલે જે હિત અર્થાત જીવાત્માને અનુકુળ અને અહિત અર્થાત્ જીવાત્માને પ્રતિકુળ સાધનનો બોધ કરાવે તે વેદ, તો તે લક્ષણ અન્ય સર્વે ગ્રંથોમાં અતિવ્યાપ્ત થાય છે. કેમકે સર્વ ગ્રંથ થોડો ઘણો હિતનો ઉપદેશ અને અહિતનો નિષેધ કરે છે (પછી તે ખરેખરૂં હિત વા અહિત હોય કે ન હોય તે જુદી વાત છે). ત્યારે ફરીથી આ પ્રમાણે લક્ષણ બાંધીએ કે हिताहितसाधनताबोधकानि ॰चा पुरुषवाक्यानिवेदाः । એટલે હિત અને અહિતનો બોધ કરાવનાર અને અપુરૂષ અર્થાત ઇશ્વરી એટલે કોઇ પણ મનુષ્યે ન કહેલું એવું જે વાક્ય તે વેદ, પણ આ લક્ષણની પણ નાસ્તિકોના

ગ્રંથો તથા બાઇબલ, કુરાન ઇત્યાદિ ગ્રંથોમાં અતિવ્યાપ્તિ થાય છે. કેમકે જૈન લોક પોતાના તીર્થંકરોને ઇશ્વર માને છે; મુસલમાનો કુરાનને ઇશ્વરી માને છે; ખ્રીસ્તી લોક બાઇબલને ઈશ્વરી માને છે અને યહુદી લોક પોતાના ધર્મ ગ્રંથને અપૌરૂષ માનેછે. ત્યારે આ બીજું લક્ષણ પણ વેદ અથવા ઈશ્વરી જ્ઞાનને માટે લાગુ પડતું નથી, પણ જો આ પ્રમાણે લક્ષણ બાંધીએ કે हिताहितबोधकानि चापुरुषवाक्यानि ब्रह्मप्रतिपादकानि सृष्टिकर्माविरुद्धानीति वेदाः। એટલે જે હિત તથા અહિત જ્ઞાનના બોધક હોય, કોઈ મનુષ્યનું વાક્ય નહોય, બ્રહ્મના પ્રતિપાદક તથા સૃષ્ટિકર્મની વિરૂદ્ધ ન હોય તે વેદ—ઇશ્વરી જ્ઞાન છે. વેદમાં આ સર્વ નજરે પડે છે અને તે ઇશ્વરી જ્ઞાન છે.

પરંતુ વેદ શબ્દમય છે, અને શબ્દમાં જ્યાં સુધી અનૃત વ્યાઘાત અને પુનરૂક્તિ એ ત્રણ દોષ છે ત્યાં સુધી શબ્દનું પ્રમાણ મનાતું નથી. મહર્ષિ ગૌતમ પોતાના ન્યાયસૂત્રમાં શબ્દની પરીક્ષા કરતાં લખે છે કે; तदप्रामाण्यमनृतव्याघातपुनरुक्तिदोषेभ्यः। એટલે, અનૃત અર્થાત જુઠું, વ્યાઘાત અર્થાત્ પરસ્પર વિરૂદ્ધ અને પુનરૂક્તિ એ દોષોને લીધે શબ્દ અપ્રામાણ્ય છે. ઇશ્વરી જ્ઞાનમાં આ દોષ ન હોવા જોઇએ. કેમકે ઇશ્વર સર્વજ્ઞ હોવાથી તે અનૃત વચન કદી પણ કહે નહીં. તેનુ વચન તત્વજ્ઞાનને અનુકૂળ હોવું જોઇએ. તેમ તે સર્વજ્ઞ છે તે પોતે પૂર્વે જે કહ્યું હોય તે ભૂલી જઇ તેની વિરૂદ્ધ પણ કદી કહી શકે નહી, એટલે સર્વજ્ઞ ઈશ્વરના શબ્દમાં વ્યાઘાત પણ ન હોવો જોઇએ અને પુનરૂક્તિ પણ અજ્ઞાનીઓના વાક્યમાં થયા કરે છે. માટે આ બધા દોષ વેદમાં ન હોવા જોઇએ. પણ જે ન્યાય શાસ્ત્રકાર મહર્ષિ ગૌતમ શબ્દ પ્રમાણની પરીક્ષા કરે છે તેજ મહર્ષિએ અને બીજા મહર્ષિઓએ પોતપોતાના શાસ્ત્રોમાં સિદ્ધ કર્યું છે કે વેદમાં આમાંનો એકે દોષ નથી. વેદ સર્વ શક્તિમાન, સર્વજ્ઞ, આદિ ગુણ કર્મ સ્વભાવ વાળા સર્વના આપ્ત એવા પરમેશ્વરનો ઉપદેશ હોવાથી તેજ પ્રમાણ છે અને તેમાં કહેલો જે ઉપદેશ તેજ ધર્મ છે મહર્ષિ મનુએ પણ કહ્યું છે કે **वेदोऽखिलोधर्ममूलम् ॥ આખો વેદ ધર્મનું મૂળ છે.**

વેદ ચાર છે; ઋગ્વેદ; યજુર્વેદ, સામવેદ; અને અથર્વવેદ. પણ એ ચારે વેદ વેદત્રયીના નામથી પણ ઓળખાય છે કારણ કે એ ચારેમાં જ્ઞાન કર્મ અને ઉપાસના એ ત્રણ પ્રકારના જ્ઞાનનો ઉપદેશ પરમેશ્વરે કર્યો છે. કોઇ પણ મંત્રની અંદર જ્ઞાનનો ઉપદેશ હોય અથવા તેમાં જ્ઞાનકાંડ હોય તો તે મંત્રને ઋક્ અથવા ઋચા કહે છે અને પ્રથમ વેદ વિશેષે કરીને ઋચાઓથી ભરેલો હોવાથી તેને ઋગ્વેદ કહે છે. કોઇ મંત્રમાં કર્મનો ઉપદેશ હોય અથવા તેમાં કર્મકાંડ હોય તેને યજુસ્ કહે છે. બીજો વેદ વિશેષે કરીને યજુસથી ભરેલો હોવાથી તેને યજુર્વેદ કહે છે. અને જ્ઞાન તથા કર્મનું ફળ જે ઉપાસના જેમાં છે તે મંત્રને સામન્ કહે છે. અને ત્રીજો વેદ વિશેષે કરીને સામનથી ભરેલો હોવાથી તેને સામવેદ કહે છે. અથર્વ શબ્દનો અર્થ સંશયની નિવૃત્તિ એવો થાય છે. ચોથો વેદ જે અથર્વ વેદ તેમાં ત્રણ વેદોમાં જ્ઞાન કર્મ તથા ઉપાસનાનો જે ઉપદેશ છે તેનું સ્પષ્ટિકરણ કરેલું છે. એ પ્રમાણે જોતાં વેદને त्रयी विद्या અથવા वेदत्रयी કહે છે તે પણ યોગ્ય છે. વેદને શ્રુતિ પણ કહે છે. કારણ કે ગુરૂ પરંપરાથી પ્રથમથી તે સંભળાતા આવ્યા છે.

પ્રિયવાંચકવૃંદ આપે જોયું કે "વેદ શું છે?" એ પ્રશ્નનો ઉત્તર હવે આપણને મળ્યો છે. તે ઉત્તર એજ કે વેદ ધર્મનું મૂળ છે અને વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. આપણા પ્રાચીન ઋષિ મુનિઓ એ પ્રમાણે કહેતા આવ્યા છે અને તેમની પેઠે મહર્ષિ દયાનંદનું કહેવું પણ એજ છે. મહર્ષિ દયાનંદે સ્થાપેલી આર્ય સમાજો માટે જે દશ નિયમો તેમણે બાંધ્યાં છે તેમાંનો ત્રીજો નિયમ એ છે કે વેદ સત્ય વિદ્યાનું પુસ્તક છે; વેદ ભણવા ભણાવવા, સાંભળવા તથા સંભળાવવા એ સર્વે આર્યોનો પરમ ધર્મ છે. માટે પ્રિય આર્ય ભ્રાતાઓ આપ આ નિયમ માન્ય કરી સર્વશક્તિમાન્, સર્વજ્ઞ, ન્યાયી, દયાળુ આદિ વિશેષણયુક્ત તે મહાન્ પરમ પિતાના જ્ઞાનનો પ્રચાર કરી દુનિઆમાં ઉપકાર નહી કરો? આશા છે કે આપ તેમ જરૂર કરશો અને ઈશ્વરના પ્રિય થઇ રહેશો. તથાસ્તુ.

સમાપ્ત.

વેદધર્મપ્રચારિણી સભાના નિયમો.

અર્થાત્

આર્ય સમાજના નિયમો.

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂલ પરમેશ્વર છે.

૨. ઇશ્વિરસચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન્, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને સૃષ્ટિકર્તા છે; એની ઉપાસના કરવી યોગ્ય છે.

૩, વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું, ભણાવવું અને સાંભળવું, સંભળાવવું એ સર્વ આર્યોનો પરમધર્મ છે.

૪. સત્યનું ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય તથા અસત્યનો વિચાર કરીને કરવા જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સભા (સમાજ) નો મુખ્ય ઉદ્દેશ્ય છે. અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯. પ્રત્યેક જણે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ; પરંતુ સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજીક સર્વ હિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.

પુરાણુની	કીમત ૦| આનો.
વેદ શું છે	કીમત ૦| આનો.
શત પ્રશ્નોત્તરાવળી	કીમત ૧ આનો.
સ્વર્ગમાં સબજેક્ટ કમિટી... ...	કીમત ૩ આના.
સ્વર્ગમાં મહા સભા	કીમત ૩ આના.
સ્વામી દયાનંદ ઋષિનો ફોટોગ્રાફ ...	કીમત ૧| આનો.
વ્યવહાર ભાનુ	કીમત ૩ આના.

દરેક પુસ્તક ઉપર ટપાલ ખરચ જુદું પડશે.

(૫) નાં પુસ્તકો ઉપર સેંકડે ૧૦ ટકા; રૂ ૧૦) નાં પુસ્તકો ઉપર સેંકડે ૧૫ ટકા, રૂ ૧૦ નાં પુસ્તકો ઉપર સેંકડે ૨૦ ટકા અને તે ઉપરાંત સેંકડે ૨૫ ટકા કમીશન આપવામાં આપવામાં આવશે ગુજરાત તથા કાઠિઆવાડના દરેક મુખ્ય શહેરો માટે એજંટો જોઇએ છે.

નીચેનાં પુસ્તકોની જુજ નકલો હોવાથી ઓછી કીમતે વેચી નાંખવા છે.

વિચાર દર્પણ—અસલ કીમત ૧| રૂપીઓ. ઘટાડેલી કીમત ૪ આના.

પ્રવાસીનું સ્વપ્ન—અસલ કીમત ૨ આના. ઘટાડેલી કીમત ૦|| આનો.

કુકણા—અસલ કીમત ૪ પાઈ. ઘટાડેલી કીમત ૧ પાઈ.

પી. વી. શુક્લ અને કંપની.
નાં. ૬૫, કૅથેડ્રલ સ્ટ્રીટ, કાલબાદેવી પોસ્ટ,
મુંબઇ.
